# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

---

Ref no. PN 2025-26/420 Dt. 28/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# કૃતજ્ઞતા અપનાવવાથી વ્યક્તિગત તેમજ વ્યાવસાયિક જીવનમાં સકારાત્મક પરિવર્તન આવી શકે છે : સુશ્રી અન્યુતા મોદી

## ચેમ્બરની લેડીઝ વિંગ દ્વારા 'ધ મેજિકઃ ધ પાવર ઓફ ગ્રેટિટ્યુડ' વિષે સેશન યોજાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની લેડીઝ વિંગ દ્વારા ગુરૂવાર, તા. ૨૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ધ મેજિકઃ ધ પાવર ઓફ ગ્રેટિટ્યુડ' વિષે સેશન યોજાયું હતું, જેમાં મુખ્ય વક્તા તરીકે ઇન્દોર આઇ.આઇ.એમ.ના સીએફઓ સુશ્રી અન્યુતા મોદીએ જીવનમાં કૃતજ્ઞતાની ભાવનાની મહત્તા વિશે વિસ્તૃત રીતે સમજણ આપી હતી.

ચેમ્બરની લેડીઝ વિંગની ચેરપર્સન શ્રીમતી મયુરી મેવાવાલાએ ઉપસ્થિત મહેમાનો અને સભ્યોનું હાર્દિક સ્વાગત કરતા જણાવ્યું હતું કે, આજના વ્યસ્ત જીવનમાં કૃતજ્ઞતા જેવી સરળ પરંતુ શક્તિશાળી ભાવના આપણને માનસિક શાંતિ અને સકારાત્મકતા તરફ દોરી જાય છે.

સુશ્રી અન્યુતા મોદીએ જણાવ્યું હતું કે, કૃતજ્ઞતા આપણું દ્રષ્ટિકોણ બદલવાની શક્તિ ધરાવે છે. જ્યારે આપણે જીવનમાં મળેલી નાની મોટી બાબતો માટે આભાર વ્યક્ત કરીએ છીએ ત્યારે આપણું મન વધુ શાંત, સંતુલિત અને આનંદમય બને છે. કૃતજ્ઞતા અપનાવવાથી વ્યક્તિગત તેમજ વ્યાવસાયિક જીવનમાં સકારાત્મક પરિવર્તન

આવી શકે છે. કૃતજ્ઞતા જીવનમાં સકારાત્મકતા, શાંતિ અને સંતોષ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે પોતાના અનુભવો દ્વારા ઉપસ્થિત સભ્યોને જીવનમાં આ ભાવના અપનાવવા માટે પ્રેરિત કર્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દૈનિક જીવનમાં કૃતજ્ઞતાની પ્રેક્ટિસ કરવી અત્યંત જરૂરી છે. રોજિંદા જીવનમાં થોડો સમય કાઢીને આપણે જેને માટે આભારી છીએ તે બાબતોનું મનન કરીએ તો આપણા વિચારો વધુ સકારાત્મક દિશામાં આગળ વધે છે. કૃતજ્ઞતા માત્ર વ્યક્તિગત સુખ સુધી સીમિત નથી રહેતી, પરંતુ તે આપણા સંબંધોને મજબૂત બનાવે છે અને કાર્યસ્થળ પર પણ ઉત્તમ વાતાવરણ સર્જવામાં મદદરૂપ બને છે.

લેડીઝ વિંગના એડવાઇઝર શ્રીમતી રેશમાબેન માંડલેવાલાએ મુખ્ય વક્તા સુશ્રી અન્યુતા મોદીનો પરિચય આપ્યો હતો. લેડીઝ વિંગના વાઇસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસીએ ઉપસ્થિત તમામનો આભાર વ્યક્ત કરી સેશનનું સમાપન કર્યું હતું. લેડીઝ વિંગના સભ્ય સુશ્રી સીમા માખનિયાએ માસ્ટર ઓફ સેરેમની કરી હતી.